


# સંવેદનાની ફરજ- પોલીસ અને સમાજ વચ્ચેનો જીવંત સંબંધ

રસ્તા ઉપર ક્યારેક કોઈ એકલુંઅટૂલું બાળક રડતું જોવા મળે કે ફૂટપાથ પર કોઈ સ્ત્રી પીંખાયેલી હાલતમાં મળે કે કોઈ વ્યક્તિ બેહોશ અવસ્થામાં જોઈએ કે કોઈ સ્ત્રી કે બાળકને કોઈ બળજબરીથી ઘસીટતું જોવા મળે તો આપણામાંથી કેટલા જણ મદદ માટે હાથ લંબાવે છે? ભીડ એકઠી થાય તેમાંથી કેટલા જણ ભેગા મળીને કંઈક સહાયરૂપ થવાની પહેલ કરે છે? ખરું જોતાં, આ ડિજિટલ યુગમાં આપણે સૌ અને આપણી લાગણી પણ ડિજિટલ થઈ ગઈ છે. સોશ્યલ મીડિયા પર ફોટો કે વીડિયો અપલોડ કરીને, રડતી ઈમોજી, RIP જેવા મેસેજ કરીને આંગળી વડે સ્ક્રોલ કરી સ્મૃતિમાંથી ઉડાડી દઈને ચાલવા માંડીએ છીએ. માનવ તરીકેનું કર્તવ્ય સ્વયં ભૂલીએ છીએ પરંતુ બીજા પાસે અપેક્ષા રાખીએ છીએ કે તે માનવતા રાખે અથવા ફરિયાદ કરીએ છીએ કે માનવતા મરી પરવારી છે. એટલું તો છે કે જ્યાં સુધી આપણે કશું પણ કર્યા વિના આટલો વિચાર પણ કરી શકીએ છીએ ત્યાં સુધી માનવતાને જીવંત રાખવાની આશા જીવતી રહે છે. આપણા થકી નહીં પણ બીજા થકી પણ કોઈને મદદ મળતી રહે એવી ભાવના આપણામાં છે તે પણ ઘણું છે. એટલે જ, જ્યારે કોઈ વ્યક્તિ કે સંસ્થા કે દળ આવું કાર્ય કરતાં હોય ત્યારે તેમને પ્રોત્સાહિત કરવા, એપ્રીસીએટ કરવા, સમ્માનવા આગળ આવવું એ પણ માનવતાની નિશાની છે.

સંબંધ ફક્ત આપણા પરિવાર કે કુટુંબ સાથેના જ નથી હોતા પરંતુ આપણા પરિવાર-મિત્રોને સુરક્ષિતતા આપનાર સમાજ સાથેના સંબંધોને મજબૂત રાખવા પણ ખૂબ જરૂરી હોય છે. પૈસા મળે એટલે નોકરી કરીએ તે બરાબર પરંતુ તે કાર્યમાં માનવીય સંબંધો ઉમેરીએ તો નોકરી એટલે કે કાર્ય, પૂજા બની જાય છે. **‘કર્મ એ જ પૂજા’ એવું સમજીને નોકરી કરવામાં આવે તો ત્યાં ‘વિશ્વાસનો સંબંધ’ બને છે.** પોલીસ અને નાગરિકનો સંબંધ પણ આવો બની શકે છે. પોલીસ જો દરેક નાગરિકમાં પોતાના પરિવારને જુએ તો નાગરિક પણ પોલીસને પોતાના રક્ષક તરીકે જુએ. એ જ છે સમન્વયનો સાર!

આજની પોલીસ માત્ર કાયદાના અમલ કરાવવા માટે જ નહીં પણ માનવતાને જીવંત રાખવા માટે પણ જવાબદાર છે! જ્યારે પોલીસ વૃધ્ધોને ઘરે/વૃધ્ધાશ્રમમાં જઈને સહાય આપે છે, ભૂલા પડેલ- અપહરણ થયેલ- ઘર છોડી ગયેલ બાળકને પરિવાર સાથે મેળાપ કરાવી આપે છે, મહિલાઓને સ્વરક્ષણ પૂરું પાડે છે, યુવાઓને નશામુક્તિ તરફ દોરી જાય છે ત્યારે તે રક્ષકથી પણ વધુ- માર્ગદર્શક બને છે. **પોલીસ માત્ર કડકાઈથી નહીં પરંતુ માનવતાથી કાર્ય કરે છે ત્યારે એ સંબંધ કાયદો કે ભયનો નહીં પરંતુ પ્રેમ-વિશ્વાસ અને આદરનો બને છે. જ્યારે કોઈ પોલીસ કર્મચારી પોતાના કડક ફરજભાનની સાથે સંવેદનાનો સ્પર્શ ઉમેરે છે ત્યારે ફરજ એક વ્યવસાય નહીં પરંતુ સેવા બની જાય છે. જે પોલીસકર્મી પોતાના કૃત્યમાં બંનેનું સંતુલન રાખે છે તે ખરેખર કર્મભૂષણ છે- જેના કર્મથી સમાજ ગૌરવ અનુભવે છે.** સામાન્ય રીતે આપણે પોલીસ પાસે જતાં ડરીએ છીએ પરંતુ ઘણાં પોલીસ લોકોની મદદ કરવા હંમેશા તત્પર હોય છે.

**કેસ 1**

રાત્રિના અંધકારમાં એક છોકરો અને છોકરી ચાલતાં જતાં હતાં. જે શંકાસ્પદ લાગતાં બે પોલીસકર્મીએ યુક્તિપૂર્વક પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે છોકરી સગીર હતી અને પેલો યુવક તેનું યુ.પી.થી અપહરણ કરી સુરત લાવ્યો હતો. પોલીસની એલર્ટનેસ અને સક્રિયતાના કારણે એક સગીર દીકરીને બચાવી શકાઈ.

**કેસ 2**

10 વર્ષની બાળકીને પાડોશમાં રહેતો યુવક ગંદા ઈશારા કરીને હેરાનપરેશાન કરતો હતો. દાદર ઊતરતાં, ચડતાં શરીરના ભાગોને છેડતો રહેતો હતો. શાળામાં ‘ગુડ ટચ બેડ ટચ’ના કાર્યક્રમ દરમ્યાન તેણે મહિલા પોલીસને જણાવતાં તેઓએ પેલા યુવકને સ્ટીંગ ઓપરેશન થકી છટકામાં રંગે હાથે પકડીને ચાર્જશીટ કરી અને કોર્ટમાં સજા પણ કરાવી.

**કેસ 3**

20 વર્ષની છોકરીનું લગ્નની લાલચમાં અપહરણ થયું. પોલીસે CCTV અને મોબાઈલ લોકેશનથી મુંબઈ તરફની ભાળ કાઢી અને ત્યાં પહોંચ્યા. સિવિલ ડ્રેસમાં જઈ છોકરીને મળી સમજાવી સુરત પરત લાવ્યા. સોશ્યલ મીડિયા થકી ઓળખ આપનાર યુવક અગાઉ પણ આવા ગુનામાં પકડાયેલ હતો. છોકરીની સામે તેના પુરાવાઓ મૂકી, તેને સમજાવી. આમ પોલીસની સમયસરની યોગ્ય તપાસ થકી એક દીકરીનું ભવિષ્ય સુધરી ગયું.

**કેસ 4**

વતનથી આવેલ યુવકને ઘરમાં રહેવાની સગવડ આપનાર પિતાની પાંચ વર્ષની પુત્રી પર યુવકે બે બિસ્કીટની લાલચ આપી, બળાત્કાર ગુજાર્યો. દીકરી ગંભીર રીતે ઈજા પામી. પોલીસકર્મીઓએ 16 દિવસના ટૂંકાગાળામાં 25થી વધુ સાક્ષીઓની તપાસ કરીને 240 પાનાંના ચાર્જશીટ કોર્ટમાં રજ કરી. જે સાથે તમામ પુરાવાઓના આધારે આરોપીને આજીવન કેદ (કુદરતી જીવનની છેલ્લી ક્ષણો સુધી સખત કેદ)ની સજા કરાવવામાં આવેલ. બાળકી માટે પોલીસ સ્ટેશનમાં પણ રમકડાંથી ભરેલો રૂમ બનાવી, પોલીસ પણ બાળકી સાથે રમતાં જોવા મળ્યા. સામાજિક કાર્યકર્તા જેવું પોલીસનું વલણ માનવતાના મંદિર જેવું લાગ્યું.



**કેસ 5**

70 વર્ષના વૃધ્ધને અજાણ્યા નંબરથી ફોન આવેલ. જે દરમ્યાન વૃધ્ધના બીભત્સ ફોટા-વીડિયો કરી લઈ, તેમને બ્લેકમેઈલ કરાતા હતા. ઘર, પરિવાર-પૌત્ર પૌત્રી જાણશે તો? એ ભયથી આત્મહત્યા કરવા ગયેલ. જેમને પોલીસે બચાવીને આરોપીઓને પકડી સજા કરાવી અને પેલા વીડિયો-ફોટો ડીલીટ કરાવ્યા.

**કેસ 6**

સિવિલ હોસ્પિટલમાંથી પાંચ કલાકના નવજાત બાળકનું અપહરણ થતાં, તેની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસ કમિશનર અને અન્ય પોલીસ અધિકારીઓએ પોલીસ ટીમને સતર્ક કરી દોડાવી. 24 કલાકમાં બાળકને સહીસલામત તેની માતાને સોંપ્યું અને આરોપીને ઝડપી પાડ્યા.

**કેસ 7**

છ વર્ષની બાળકીને પાડોશીએ બાંધીને દુષ્કર્મ કરી, બાળકીને એવી જ હાલતમાં છોડી ભાગી ગયેલો. જેને પોલીસે હ્યુમન સોર્સની મદદથી પટણાથી પકડી પાડ્યો. સમયમર્યાદામાં ચાર્જશીટ રજૂ કરી ભોગ બનનાર બાળકીને સરકાર તરફથી મળતી સહાય મંજૂર કરાવી પ્રશંસનીય કામગીરી કરી.

આ ઉપરાંત પાંડેસરા જેવા વિસ્તારમાં મજૂરીએ જતાં મા-બાપનાં બાળકોને સવારે 8 થી સાંજે 8 સુધી શી ટીમ દ્વારા ‘ડે કેર’માં ખાવા-પીવા-રમવા-ઊંઘવાની વ્યવસ્થા સાથે રાખવામાં આવે છે. કેટલાક પોલીસકર્મીઓએ તો એવા એવા લોકોને બચાવ્યા છે કે તેમને પોલીસ કહેવા કે સમાજસેવી તે જ સમજાતું નથી. અસ્થિર મગજની વ્યક્તિઓને રસ્તા પરથી મેળવી તેના પરિવાર કે માનવ મંદિર (કામરેજ હાઈવે) સુધી પહોંચાડ્યા છે. CCTVની મદદથી 20-25 વર્ષ જૂના ભાગેડુ આરોપીઓને પકડનાર PCB, SOG, હેડ ક્વોટર, ટ્રાફિક, ક્રાઈમ, સાઈબર, પી.સી.આર. વાન, સ્પેશ્યલ ટીમ જેવી અનેક ટીમ શહેરની સુરક્ષિતતા અને નાગરિકની સલામતી માટે 24 x 7 એલર્ટ છે.

પોલીસનો યુનિફોર્મ માત્ર કાયદાની રક્ષા માટે નથી - તે માનવતાના વિશ્વાસનું પ્રતીક છે. જ્યારે ફરજની સાથે સંવેદનાનો સંગમ થાય છે ત્યારે પોલીસ એક સંસ્થા નહીં પણ સમાજનું હૃદય બની જાય છે.

**મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો- સમાજના સૌથી નરમ અને સંવેદનશીલ સ્તંભ છે. તેમની સુરક્ષા માટે કાયદાની કડકાઈ જેટલી જરૂરી છે એટલી જ જરૂરી છે સહાનુભૂતિ અને સમજણ.**

## પ્રિસ્ક્રિપ્શન:

» સ્થાનિક નાગરિકો, યુવા ગ્રુપો, મહિલામંડળો, સ્વૈચ્છિક સંસ્થાઓ- જો પોલીસ સાથે મળીને કામ કરે તો ગુનાખોરી, નશા, ઘરેલુ હિંસા કે ટ્રાફિક જેવા પ્રશ્નોનો ઉકેલ વધુ અસરકારક બને છે.

» સમાજે પોલીસને માત્ર ‘ફરજ બજાવતી સંસ્થા’ તરીકે નહીં, પણ ‘સહાય માટે સૌ પ્રથમ પહોંચવાની જગ્યા’ તરીકે જોવાની જરૂર છે.

» જ્યારે પોલીસની આંખમાં કડકાઈની સાથે સમજણ દેખાય ત્યારે સમાજની નજરમાં ડર નહીં પણ આભાર દેખાય.

» **પોલીસનો સંવેદનાથી ભરેલો ફરજભાવ અને સમાજનો સહયોગી અભિગમ- બંને મળીને બને છે સુરક્ષિત અને સજાગ ભારતના બે અવિભાજ્ય પાયા.**

જ્યાં સમાજ માત્ર સુરક્ષિત નહીં પરંતુ સંવેદનશીલ બને છે.

Instagram@gita.shroff